## જન્મદિને વધામણી



લાભશંકર ચીમનલાલ રાવલ
ફોન : ૨૩૨૩૪૫૩૫



જયેશ તન્ના
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
કડી સર્વ વિશ્વવિદ્યાલય
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦



ભાનુકાન્ત પી પરમાર
પ્રમુખ, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર



ટ્વીંકલ પટેલ



મિત્તલ ગૌતમભાઈ આગજા
મો. ૯૭૨૪૯ ૯૭૦૮૩



તરલ પિયુષકુમાર જોષી
મો. ૭૫૬૭૦ ૬૫૦૭૬



કેશવપ્રસાદ સુખદેવ કુંભકાર
મો. ૭૫૬૭૦ ૬૫૦૭૬

# લીંબોદરા શાળાના વિદ્યાર્થીઓ એથ્લેટીક્સ સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૩૧

તાલુકા એથ્લેટીક્સ સ્પર્ધામાં લીંબોદરાની પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. જેમાં ગોળાફેંકની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે કૃષ્ણપાલ વાઘેલા, દિશા બિહોલા અને બીજલ ઠાકોર વિજેતા બન્યા હતા. ૪૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંકે હરપાલ વાઘેલા અને પ્રિયંકા મહેરિયા વિજેતા બન્યા હતા. લાંબી કૂદ સ્પર્ધામાં વિરલ વાઘેલા અને અંકિતા વાઘેલા પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા હતા.

ચક્રફેંકમાં છાયા વાઘેલાએ પ્રથમ સ્થાને, ઊંચીકૂદમાં અંજના પ્રજાપતિ પ્રથમ સ્થાને, ૧૦૦ મીટર દોડમાં હિના ઠાકોર પ્રથમ સ્થાને તથા ૨૦૦ મીટર દોડમાં કિસ્મત રાણા પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા.

શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તમામ વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.




એરફોર્સ વાઈવ્સ વેલફેર એસોસીએશન (ક્ષેત્રિય) દ્વારા તાજેતરમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત રીજીયનના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રીમતી નીલમ ધીરે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું.



શ્રી સ્વામી યોગાનંદ શિશુ વિહાર, જીઈબી ખાતે ક્લાર્ક તરીકે ફરજ બજાવતા પ્રબોધભાઈનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય જયંતીભાઈ વી પટેલે સમગ્ર સ્ટાફ વતી સ્મૃતિ ચિહ્ન આપી તેમને પુષ્પહારથી સન્માનિત કર્યા હતા અને તેમની કામગીરીને બિરદાવી હતી. હાઈસ્કૂલના આચાર્ય ગોવિંદભાઈ નસીતે શાલ ઓઢાડી તેમનું બહુમાન કર્યું હતું અને આશીર્વચન પાઠવ્યા હતા. વિષ્ણુભાઈ પટેલે તેમની સંસ્થા પ્રત્યેની વફાદારીને બિરદાવી હતી. સૌ સ્ટાફ મેમ્બર્સે પ્રબોધભાઈને ભાવથી વિદાય આપી હતી.

# ગુજરાત સ્ટેટ એક્ટેવેટિક ચેમ્પિયનશીપ માટે ડિસ્ટ્રીક્ટ સિલેક્શન ૧૪મી ઓગષ્ટે

### ૧૦ ઓગષ્ટ પહેલાં ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસોસિએશનનો સંપર્ક કરવા જિલ્લાના તરણવીરોને સૂચના

ગાંધીનગર, તા. ૩૧

૫૮મી ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ આગામી તા. ૨૦ અને ૨૧ ઓગષ્ટ, ૨૦૧૬ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ સ્વિમિંગ પુલ, અમદાવાદ ખાતે યોજાઈ રહી છે. આ માટે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટની સિલેક્શન ટ્રાયલ તા. ૧૪ ઓગષ્ટ, શનિવારના રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૧૦ ઓગષ્ટ પહેલાં ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ સ્વિમિંગ એસોસિએશનના સેક્રેટરી ગુરુબક્ષસિંગ આનંદનો સંપર્ક સાધવો (મો. ૯૭૨૪૧ ૭૮૩૫૬) એમ સંસ્થાની આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.



નર્મદા નિગમ મુખ્ય કચેરીમાં ફરજ બજાવતાં કે એમ જાની, એચ બી ઝાલા અને જે એ મોદી વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજવામાં આવ્યો હતો. આ વિદાય સમારોહમાં ડી એમ પઠાણ, વિ જે સાવલિયા તથા અન્ય અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નિવૃત્તોના સ્વસ્થ જીવન અને દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મંથન ભટ્ટ, ભરતભાઈ પટેલ, એ જે પટેલ, એ બી જોષી, એસ આર પટેલ તથા અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગોલ્ડન કતાર ડિવિઝનનું સ્તુત્ય કાર્ય

# જવાનો અને પરિવારો દ્વારા ૧૦ હજાર રોપાંનું આરોપણ



વન મહોત્સવ એ દેશમાં વૃક્ષોની વાવણી, ઉછેર, સંવર્ધન માટેનો રાષ્ટ્રીય મહોત્સવ છે. આ મહોત્સવની શરૂઆત ૧૯૫૦માં તત્કાલિન કૃષિ મંત્રી ડૉ. કે એમ મુન્શી દ્વારા કરવામાં આવી હતી. વૃક્ષારોપણના મુખ્ય બે ઉદ્દેશ્ય છે : વૃક્ષારોપણ માટે નવયુવાનોને જાગૃત કરવા અને પ્રકૃતિએ આપણને જે ભેટો આપી છે, તે પ્રકૃતિને પરત કરવી તે. અમદાવાદ, ગાંધીનગર, ભૂજ અને ધ્રાંગધ્રા સ્થિત મિલિટ્રી સ્ટેશન ખાતે ગોલ્ડન કતાર ડિવિઝન દ્વારા વન મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વન મહોત્સવના માધ્યમથી જવાનો, તેમનાં બાળકો અને પરિવારજનોને વૃક્ષારોપણના ફાયદા અને વૃક્ષો કાપવાથી થતા નુકસાન અંગે જાણકારી આપવામાં આવી હતી. વન મહોત્સવના આ કાર્યક્રમમાં સ્ટેશનને સઘળા જવાનો સાથે તેમના પરિવારજનોએ પણ ભાગ લીધો હતો અને ૧૦ હજાર જેટલા છોડનું આરોપણ કર્યું હતું.

# ૩૦મી નેશનલ અન્ડર-૧૩ બોયઝ એન્ડ ગર્લ્સ ચેસ ચેમ્પીયનશીપ યોજાઈ



## ચેસ ચેમ્પીયનશીપ-૨૦૧૬નાં પરિણામો

| ગર્લ્સ | બોયઝ |
|---|---|
| ૧) જીશીથા ડી. (આંધ્રપ્રદેશ) - ૯.૫ પોઈન્ટ | ૧) ઈરીગાઈસી અર્જુન (તેલંગાણા)-૧૦ પોઈન્ટ |
| ૨) સલોનીકી સાઈના (ઓડીસા) - ૯ પોઈન્ટ | ૨) કૌસ્તવ ચેટર્જ (વેસ્ટ બંગાળ)-૯ પોઈન્ટ |
| ૩) જ્યોત્સના એલ. (તામીલનાડુ) - ૮.૫ પોઈન્ટ | ૩) અનુજ શ્રીવત્રી (મધ્યપ્રદેશ)-૮.૫ પોઈન્ટ |
| ૪) લક્ષ્મી સી. (તામીલનાડુ)-૮ પોઈન્ટ | ૪) હર્ષવર્ધન જીબી (તામીલનાડુ)-૮ પોઈન્ટ |

ગાંધીનગર, તા. ૩૧

રાજપથ કલબ ખાતે રમાઈ ગયેલ અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા ઓલ ઈન્ડીયા ચેસ ફેડરશનના નેજા હેઠળ રમાઈ રહેલ આ ટુર્નામેન્ટના અગિયારમો અને અંતિમ રાઉન્ડ ખૂબ જ રસપ્રદ રહ્યો હતો.

ગર્લ્સમાં જીશીથા ડી તેમજ બોયઝમાં ઈરીગાઈસી અર્જુન ચેમ્પીયન બન્યા હતા. ગુજરાતની ધ્યાના પટેલ ૬ઠ્ઠા રેન્ક પર તેમજ માધાણી શિલ્પી ૯મા રેન્ક પર રહી હતી જયારે બોયઝ વિભાગમાં જોય પંકજ શાહ ૧૮મા રેન્ક પર રહ્યા હતા. વિજેતા પ્રથમ બે ખેલાડીઓ વર્લ્ડ રમવા જશે તેમજ ત્રીજો અને ચોથા ક્રમે વિજેતા ખેલાડીઓ એશીયન યુથ રમશે અને ભાતનું પ્રતિનિધિત્વ કરશે. વિજેતા ખેલાડીઓને અજય પટેલ (પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), ભાવેશ પટેલ (સેક્રેટરી, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) તેમજ જયશે મોદી અને સમીર શાહે ઈનામો એનાયત કર્યા હતા અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

વરિષ્ઠ ફ્રેન્ચ એમ્બેસી સ્ટાફના એક જૂથે ભારત-ફ્રેન્ચ સહકાર, ઉચ્ચ શિક્ષણ અને ફેલોશીપ સંશોધકોની ગતિશીલતા માટે તથા તેમાં ઉપલબ્ધ તકોની ચર્ચા કરવા માટે યુનિવર્સિટી એન્ડ ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રિસર્ચ, કોબાની મુલાકાત લીધી હતી. આ જૂથમાં ડૉ. સેન્ડ્રીન મેકસીમિલિઈન, સપના સચદેવ, પરેશ પંજાની તથા આલિયાન્સ ડી.એ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર ગુના મગેસન અને વરિષ્ઠ અધ્યાપકો સાથે ચર્ચા-વિચારણા કરી હતી.



## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ધી બીએફજી
(૩ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી
(૩ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ
(૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦

**સ્ક્રીન-૪**
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫

**સ્ક્રીન-૫**
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦

## વિશ્વકોશ ભવન ખાતે શુક્રવારે માધવ રામાનુજ 'મારી સર્જનયાત્રા' વિષયે વક્તવ્ય આપશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા. ૫ ઓગષ્ટ, ૨૦૧૬ ને શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ભવન, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે ગૌરવ વ્યાખ્યાનમાળા અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કૃત કવિ, ગીતકાર અને ચિત્રકાર માધવ રામાનુજના 'મારી સર્જનયાત્રા' વિશેના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સર્જનયાત્રા સૌ સાહિત્ય-રસિકો, ભાવકોને અકાદમી તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હેત-પ્રેમ-આવકાર તો એમના જ

**સંવેદના** — યાદ દાદા-દાદીની

મારા પૂ. દાદા સ્વ. રણછોડલાલ ભટ્ટ નોકરી અર્થે કરાંચી સ્થાયી થયેલા. દાદી પણ સાથે જ હતા. મારા પિતાશ્રીનો જન્મ કરાંચીમાં થયો. મારા પિતાએ મારાં દાદીની છત્રછાયા બચપણથી જ ગુમાવી હતી. મારા દાદા લગભગ ૧૯૪૬-૪૭માં નિવૃત્ત થતાં અમને સૌને ભારત પરત ફરવાની ફરજ પડી હતી. હું તે સમયે માત્ર બે માસની જ હતી. અહીં આવી અમે મોડાસામાં સ્થાયી થયા. સમયાંતરે વારંવાર રહેવા માટે સ્થળ ન હતું તેથી સગા-વહાલાઓને ત્યાં શરણ લેતા રહ્યા. આ અગાઉ મારાં દાદી સ્વ. ગિરજાબાના અવસાન બાદ અમારી જ જ્ઞાતિનાં કરાંચી સ્થિત કુટુંબમાં જ મારા પિતાશ્રીનાં લગ્ન થયાં. જોકે મારાં નાની સ્વ. રંભાબાનું પણ લગ્ન પહેલાં જ નિર્વાણ થયું હતું. પિતા-માતા બંને માતા વિહોણા થઈ ગયાં. મારી મા અને અન્ય ત્રણ બહેનોની સારસંભાળ માટે મારા નાના નટવરદાદાએ પુનર્લગ્ન કર્યાં હતાં. સદ્ભાગ્યે નવાં નાની પૂ. ઈન્દુબા સંસ્કારી અને સુશીલ હતાં. તેમણે મારાં ઉર્મિલાબાને પોતાની માની ખોટ ક્યારેય ન સાલવા દીધી. નાની ઈન્દુબાને ત્યાં પણ પુત્ર-પુત્રીનો જન્મ થયો. પાંચ બહેનો સાથે એક ભાઈનો ઉછેર સહેલો ન હતો. છતાં ફરજ સમજી આનંદભેર સૌની સંભાળ રાખતાં. મારા રણછોડદાદાએ ૧૯૫૬માં સંન્યાસ લેતાં નાના-નાનીએ મારા દાદા-દાદીની ખોટ પૂરી કરી અને અમે તેમને દાદા-દાદી જ કહેવા લાગ્યા. મારાં મા અને મારાં નાનીની ઉંમરમાં ખાસ તફાવત ન હતો પરંતુ નાનીના ગૃહ પ્રવેશ બાદ છ માસમાં જ મારાં માતાનાં લગ્ન થયાં. સમયાંતરે બધી જ બહેનોનાં લગ્ન થયાં.. પણ અમને ભાંડુઓને તો બસ મોસાળ એ જ ઘર. નાના-નાની એ જ દાદા-દાદી.

એ અમને ખૂબ લાડ કરતાં. વૅકેશન દિવાળીનું હોય કે સાતમ-આઠમનું કે પછી ઉનાળાનું લાંબુ વૅકેશન હોય - વૅકેશનની તારીખ જાણી ક્યારે ભાણા-ભાણીઓ આવશે તેની રાહ જોતાં રોજ દિવસો ગણતાં એ બેઠાં હોય. રજાઓ પડતાંની સાથે જ કપડાંનો થેલો તૈયાર જ રાખવાનો ને નાના-નાની પાસે મોજ કરવા પહોંચી જવાનું. મામા-મામી સાથે ફરવાનું, ઘરમાં એક હોજ, તેમાં કૂદાકૂદ કરવાનું. નાના-નાની ટપારે પણ ખરા ને વહાલ પણ કરે. રાત્રે ખુલ્લા આકાશ તળે સુવાનું, એકબીજાની ફિલમ ઉતારવાની, ચાંદનીના ઉજાસમાં અને તારલાના આછા ઉજાસની મજા માણવાની. કેરીની ઋતુમાં ઘરમાં કેરીની તો ગુણીઓ ઠલાવય. દૂધપાક-લાડવા, સાપસી, શીરો તો વળી છાશવારે બને. પ્રેમથી નાના-નાની સૌને જમાડે.

આજે એ દિવસો ખૂબ યાદ આવે છે. હેત, પ્રેમ, આવકાર તો એમના જ. એમનાં ચરણોમાં આજેય શિશ ઝુકાવવાનું મન થાય છે.

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**